

અરે પ્રભુ ! આ તો તારી પ્રભુતાની વાત ! તેરેમેં પ્રભુતા પડી હૈ ને નાથ ! તેરે દ્રવ્યમેં પ્રભુતા, ગુણમેં પ્રભુતા, પર્યાયમેં પ્રભુતા ! છતાંય એ પ્રભુતાકી પર્યાયકા કાલ હૈ તબ ઉત્પન્ન હોતી હૈ; પ્રભુતાકી શક્તિ ભી પર્યાયકા ફેરફાર કર દે....!!! (ન કર શકે.) આહાહા ! પરમેશ્વર ઈશ્વર સર્વજ્ઞદેવ પણ જે સમયે જે પર્યાય હોનેવાલી હૈ ઉસકો ફેરફાર કરે ઈ દ્રવ્યકા સ્વભાવ નહીં હૈ.

—*પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

કહાન સં. ૨૦ સં. ૨૦૫૬ [૬૮૧] * આત્મધર્મ * [ અંક-૧ વર્ષ-૫૭ ] વીર સં. ૨૫૨૬ જુલાઈ-૨૦૦૦

# આગમ–મહાસાગરનાં અણમૂલાં રત્નો

❀ પ્રથમ દેવાદિકનું શ્રદ્ધાન કરવું, પછી જિનમતમાં કહેલા જીવાદિ તત્ત્વોનો વિચાર કરવો, તેના નામ-લક્ષણાદિ શીખવા, કારણ કે તેના અભ્યાસથી તત્ત્વશ્રદ્ધાનની પ્રાપ્તિ થાય છે. પછી સ્વપરનું ભિન્નપણું જેથી ભાસે તેવા વિચારો કર્યા કરવા, કારણ કે એ અભ્યાસથી ભેદવિજ્ઞાન થાય છે. ત્યારપછી એક સ્વમાં સ્વપણું માનવા અર્થે સ્વરૂપનો વિચાર કર્યા કરવો. કારણ કે એ અભ્યાસથી આત્માનુભવની પ્રાપ્તિ થાય છે. એ પ્રમાણે અનુક્રમથી તેને અંગીકાર કરી પછી તેમાંથી જ કોઈ વેળા દેવાદિના વિચારમાં, કોઈ વેળા તત્ત્વવિચારમાં, કોઈ વેળા સ્વ-પરના વિચારમાં તથા કોઈ વેળા આત્મવિચારમાં ઉપયોગને લગાવવો. એ પ્રમાણે અભ્યાસથી દર્શનમોહ મંદ થતો જાય છે. ૬૩૩.

*(શ્રી ટોડરમલજી, મોક્ષમાર્ગપ્રકાશક, અધિ.–૯, પાનું–૩૩૦)*

❀ જીવદ્રવ્ય અશુદ્ધરૂપ પ્રવર્ત્યું ત્યારે તે અશુદ્ધભાવથી જ વ્યાપ્ય-વ્યાપક પોતે જ થઈ રહ્યો છે, ત્રણકાળમાં અન્યદ્રવ્યને તે સ્પર્શતો પણ નથી. આવી દ્રવ્યની અનાદિ–અનંત મર્યાદા બંધાયેલી (બનેલી) છે. ''અથવા દ્રવ્ય શુદ્ધરૂપ પરિણમો કે અશુદ્ધરૂપ પરિણમો પણ તે અન્ય દ્રવ્યને કોઈ પણ રીતે ન સ્પર્શે તેવું જ જ્ઞાન થતાં જ્ઞાની દેખે–જાણે છે કે આ આમ છે.'' ૬૩૪.

*(શ્રી દીપચંદજી, આત્માવલોકન, પાનું–૧૧૯)*

❀ જે જીવ નિશ્ચયથી શ્રુતજ્ઞાન વડે આ અનુભવગોચર કેવળ એક શુદ્ધ આત્માને સન્મુખ થઈ જાણે છે તેને લોકને પ્રગટ જાણનારા ઋષિશ્વરો શ્રુતકેવળી કહે છે. ૬૩૫.

*(શ્રી કુંદકુંદાચાર્ય, સમયસાર, ગાથા–૯)*

❀ સહજજ્ઞાનરૂપી સામ્રાજ્ય જેનું સર્વસ્વ છે એવાં શુદ્ધ ચૈતન્યમય મારા આત્માને જાણીને, હું આ નિર્વિકલ્પ થાઉં. ૬૩૬.

*(શ્રી પદ્મપ્રભમલધારીદેવ, નિયમસાર–ટીકા, શ્લોક–૨૨)*

❀ મન દ્વારા વિવેક થઈ પછી મન પણ બાજુએ રહે, મન પર છે, જ્ઞાન નિજવસ્તુ છે. તેથી એવી રીતે વિચારતાં (મન) દૂર રહે છે. શાથી ? કે—પરમાત્મપદ ગુપ્ત છે, તેની મન વ્યક્તભાવના કરી શકે છે, કારણ કે—પરમાત્મભાવના કરતાં કરતાં પરમાત્મપદ નજીક આવે ત્યારે પરમાત્માના તેજથી મન પહેલાં જ મરી નિવૃત્ત થાય છે. જેમ શૌર્યવાનના તેજથી કાયર વિના સંગ્રામ જ મરે છે. સૂર્યના તેજથી અંધકાર પહેલો જ નાશ થઈ જાય છે તેમ અહીં જાણવું. ૬૩૭.

*(શ્રી દીપચંદજી, અનુભવપ્રકાશ, પાનું–૧૭)*

કહાન
સંવત-૨૦
વર્ષ-૫૭
અંક-૧
[૬૮૧]

# આત્મધર્મ

વીર
સંવત
૨૫૨૬
સં. ૨૦૫૬
July
A.D. 2000

શાશ્વત સુખનો માર્ગ દર્શાવતું માસિક પત્ર

## નિર્વિકલ્પ આનંદમાં લીનતા તે સંયમ છે

(શ્રી પરમાત્મપ્રકાશ શાસ્ત્ર ઉપર પરમ પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન)

(સળંગ પ્રવચન નં. ૯૮)

આ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે. તેમાં બીજા અધિકારની ૪૦મી ગાથાનો ભાવાર્થ ચાલે છે.

ભાવાર્થ:—નિશ્ચયનયથી નિજશુદ્ધાત્મા જ ઉપાદેય છે એવી રુચિરૂપ સમ્યગ્દર્શન તે સમભાવના ધારકને થાય છે અને નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલો જે વીતરાગ પરમાનંદ મધુર રસનો આસ્વાદ તે સ્વરૂપ આત્મા છે તથા હંમેશા આકુળતાના ઉપજાવવાવાળા કામ-ક્રોધાદિક છે તે મહાકટુક રસરૂપ અત્યંત વિરસ છે એમ જાણવું—તે સમ્યગ્જ્ઞાન અને સ્વરૂપના આચરણરૂપ વીતરાગચારિત્ર પણ તે સમભાવના ધારણ કરનારને જ થાય છે. જે મુનિવર વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિક ભાવની ભાવનાને અનુકૂળ (સન્મુખ) નિર્દોષ પરમાત્માના યથાર્થ શ્રદ્ધાન, યથાર્થ જ્ઞાન અને સ્વરૂપના યથાર્થ આચરણરૂપ અખંડભાવ ધારણ કરે છે તેને પરમસમાધિની સિદ્ધિ થાય છે.

ખરેખર સત્યદૃષ્ટિથી જોઈએ તો પોતાનો શુદ્ધાત્મા કે જેમાં શરીર અને કર્મ તો નથી પણ શુભાશુભ વિકલ્પો પણ જેમાં નથી એવો નિજશુદ્ધાત્મા જ ઉપાદેય અને આદરણીય છે એવી અંતરમાં દૃષ્ટિ, રુચિ, શ્રદ્ધા, પરિણતિ થવી તેનું નામ સમ્યગ્દર્શન છે. જેને શુભભાવ ઠીક છે અને અશુભ અઠીક છે એવો અભિપ્રાય છે તેને સમ્યક્ત્વ થતું નથી. શુભાશુભ બંને વિકલ્પોથી રહિત વીતરાગસ્વરૂપ આત્માની રુચિવંતને જ સમ્યગ્દર્શન થાય છે. રાગની રૂચિવંતને સમ્યગ્દર્શન થતું નથી.

સમ્યગ્દર્શન એટલે સત્‌દર્શન–સત્‌ પ્રતીતિ. પ્રશંસનીય પ્રતીતિ. આત્માની પ્રતીતિવંતને શુભાશુભભાવોમાં ઉપાદેયબુદ્ધિ હોતી નથી. શુભ ઠીક અને અશુભ અઠીક એવી વિષમ માન્યતા પણ તેને હોતી નથી. જે સમભાવને ધારણ કરે તેને જ સમ્યગ્દર્શન હોય છે. ત્રિકાળી શુદ્ધાત્મા સમભાવસ્વરૂપ છે તેની શ્રદ્ધા સમભાવ ધારણ કરનારને જ હોઈ શકે છે.

ત્રિકાળ નિજશુદ્ધાત્માની ભાવના એટલે એકાગ્રતા કરવાથી રાગરહિત પરમાનંદમય મધુર રસ ઉત્પન્ન થાય છે તેનો આસ્વાદ લેવો એ તો આત્માનું સ્વરૂપ છે પણ હંમેશા આકુળતા ઉપજાવનાર કામ-ક્રોધાદિ ભાવોના મહાકટુક રસનો આસ્વાદ લેવો તે આત્માનું સ્વરૂપ નથી. આમ જાણવું તેનું નામ સમ્યગ્જ્ઞાન છે.

આત્મા વીતરાગ આનંદ સ્વરૂપ છે. તેમાં એકાગ્રતા કરવાથી મીઠો સુખાસ્વાદ આવે છે, જ્યારે રાગમાં તો કટુકસ્વાદ આવે છે આમ, આ બંને સ્વાદનું ભેદજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે. રાગ પોતે કટુક છે–ઝેર છે–વિરસ છે–વિષમભાવ છે અને આત્માનો સ્વાદ તો મધુર–અમૃત–સુરસ અને સમભાવસ્વરૂપ છે અને આ બે વિરોધી રસનું વાસ્તવિક જ્ઞાન સમભાવમાં જ થાય છે.

આત્મા અતીન્દ્રિય–શાંત–વીતરાગી આનંદથી ભરેલો છે. તેની શ્રદ્ધા, જ્ઞાન અને તેમાં એકાગ્રતા થવાથી જે અતીન્દ્રિય વીતરાગી આનંદનો સ્વાદ આવે છે તે અને રાગાદિ વિકલ્પથી આવતો જે કટુક સ્વાદ તે બે વચ્ચેનું ભેદજ્ઞાન સમભાવી–સમ્યગ્જ્ઞાનીને જ હોય છે. રાગ પણ ભલો અને આત્મા પણ ભલો એવા બે ભાવ છે તે વિષમભાવ છે. આવો વિષમભાવ સમ્યગ્જ્ઞાનીને હોતો નથી.

આ દેહ તો માટી–જડ છે, અંદરમાં કર્મ છે તે પણ જડ છે અને વાણી પણ જડ છે. જે શુભ અને અશુભ વિકારીભાવ થાય છે તેનો કડવો–દુઃખરૂપ સ્વાદ છે. આ બધાથી ભગવાન આત્માનું સ્વરૂપ ભિન્ન છે તેનું જ્ઞાન કરવું અને તેનો વીતરાગી આનંદનો સ્વાદ લેવો તે આત્માનું સ્વરૂપ છે. રાગ અને આત્માના સ્વાદનો ભેદ પાડનાર જીવ સમભાવી હોય છે. તેને જ સમ્યક્‌ જ્ઞાન થાય છે. શાસ્ત્રના જ્ઞાન કે લૌકિક ભણતરના જ્ઞાનને સમ્યક્‌ જ્ઞાન કહેતાં નથી.

આ પરમાત્મપ્રકાશ શાસ્ત્ર છે તે મહામુનિ દિગંબર સંત યોગીન્દ્રદેવે નવસો વર્ષ પહેલાં બનાવ્યું છે. તેમાં અહીં સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર કોને થાય અને કેમ થાય તે બતાવે છે.

'સમભાવી' ને જ સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાન અને સમ્યક્ચારિત્રરૂપ મોક્ષમાર્ગની પ્રાપ્તિ થાય છે. શુભભાવ અને અશુભભાવમાં ભેદ પાડવો તે વિષમભાવ–મિથ્યાત્વભાવ છે. તે વિષમભાવની રુચિ છોડીને, વીતરાગ શુદ્ધ ચૈતન્યસ્વભાવ જ મને હિતકર છે, સુખકર છે એવી રુચિ અને દૃષ્ટિ થવી તેનું નામ નિશ્ચય સમ્યગ્દર્શન કહેવામાં આવે છે. તે જ મોક્ષનું કારણ છે.

સમ્યગ્જ્ઞાન કોને કહે છે !–કે નિજ આત્મા–જે અતીન્દ્રિય આનંદ અને શાંતરસનો પિંડ છે તેમાં એકાગ્ર થઈને નિજાનંદનો સ્વાદ લેવો અને રાગના સ્વાદને દુઃખરૂપ કટુકસ્વાદ જાણવો તે સમ્યગ્જ્ઞાન છે. રાગ મને ઠીક છે એવું જ્ઞાન જેને છૂટી ગયું છે એવા સમભાવીને જ સમ્યગ્જ્ઞાન થાય છે.

ભગવાન આત્મા શરીર, વાણી, મન, કર્મ અને શુભાશુભરાગથી પૃથક્ છે અને પોતાના બેહદ જ્ઞાન, આનંદ, વીર્ય, શાંતિ આદિ સ્વભાવથી અપૃથક્ છે–અભેદ છે. રાગનો સ્વાદ દુઃખમય છે અને આત્માનો સ્વાદ સુખમય–આનંદમય છે એમ બે વચ્ચે ભેદજ્ઞાન થવું તે સમ્યગ્જ્ઞાન છે. મોક્ષના કારણરૂપ આવું સમ્યક્જ્ઞાન સમભાવીને જ થાય છે.

યોગીન્દ્રદેવ કહે છે કે ત્રણલોકના નાથ પરમેશ્વરદેવ દિવ્યધ્વનિ દ્વારા સો ઈન્દ્રની ઉપસ્થિતિમાં સમવસરણમાં આમ ફરમાવે છે અને તે અમે તને કહીએ છીએ કે સમભાવીને જ રત્નત્રયરૂપ મોક્ષમાર્ગ પ્રગટ થાય છે, બીજા કોઈને થતો નથી.

સમભાવી વીતરાગસ્વરૂપ આત્મામાં અતીન્દ્રિય આનંદ સહિત શાંતિ અને સ્થિરતા ધારણ કરવાવાળાને સમ્યક્ચારિત્ર હોય છે. મહાવ્રતાદિ વિકલ્પને પણ છોડીને વીતરાગી સ્થિરતા દ્વારા જ્ઞાયકસ્વભાવમાં રમવું તે સમ્યક્ચારિત્ર છે. આવું ચારિત્ર સમભાવીને જ હોય છે. સમભાવી જ ચારિત્રવંત છે, બીજાને ચારિત્ર હોતું નથી.

શુભરાગમાં ઠીક માનવાવાળાને સમ્યગ્દર્શન, જ્ઞાન, ચારિત્ર ત્રણેય હોતાં નથી. સમભાવ ધારણ કરવાવાળાને જ વીતરાગી સ્થિરતા પ્રાપ્ત થાય છે. વીતરાગી પરિણતિ કરે તેને જ ચારિત્ર હોય છે. રાગના રુચિવંતને ચારિત્ર હોતું નથી.

દુનિયાને સત્યમાર્ગ સાંભળવા પણ મળતો નથી. શુભાશુભરાગ તો લોખંડની બેડી છે–વિકાર છે, તેનાથી રહિત વીતરાગી ચારિત્ર છે તે સમભાવ છે અને સમભાવીને જ ચારિત્ર હોય છે. જેમાં દયા–દાનાદિ શુભ-વિકલ્પનો પણ અભાવ છે એવી એકલી શાંત વીતરાગ પરિણતિ તે સામાયિક છે. અહીં યથાખ્યાતચારિત્રની વાત નથી પણ

સામાયિક ચારિત્રની વાત છે.

આત્મદૃષ્ટિ નિર્મળ સમભાવમાં થાય છે, આત્મજ્ઞાન સમભાવમાં થાય છે અને વીતરાગી ચારિત્ર પણ સમભાવમાં થાય છે. જે મુનિ વીતરાગ નિર્વિકલ્પ પરમ સામાયિકની ભાવનાને અનુકૂળ આવા રત્નત્રયરૂપ અભેદભાવને ધારણ કરે છે તેને જ પરમસમાધિની સિદ્ધિ થાય છે. તેમાં તેને કોઈ પ્રકારના રાગની મદદની અપેક્ષા નથી. પરમ સમાધિ કહો, સમભાવ કહો, ચારિત્ર કહો કે સામાયિક કહો કે વીતરાગી પરિણતિ કહો બધું એક જ છે.

આમ, આ ૪૦ ગાથા થઈ. હવે આગળ કહે છે કે જે સમયે જ્ઞાની જીવ શાંતભાવને ધારણ કરે છે તે સમયે સંયમી થાય છે તથા જ્યારે ક્રોધાદિ કષાયને વશ થાય છે ત્યારે અસંયમી થાય છે.

जाँवइ णाणिउ उवसमइ तामइ संजदु होइ ।
होइ कसायहँ वसि गयउ जीउ असंजदु सो ॥४१॥

ભગવાન યોગીન્દ્રદેવ, જિનેન્દ્રદેવે કહેલી સંયમની દશાનું વર્ણન કરે છે. સંયમ કોને કહેવો ! ચારિત્ર કોને કહેવું ! સંયમી અને ચારિત્રવંત કોને કહેવા ! તે બધું જિનેન્દ્રદેવે કહેલું છે તે અહીં યોગીન્દ્રદેવ (આપણને) કહે છે.

ભગવાન આત્મા પરમાનંદની મૂર્તિ છે, તેનું સ્વસંવેદન અર્થાત્ જ્ઞાનનું વેદન કરે છે તેનું નામ જ્ઞાની છે. આવા જ્ઞાની જીવ શાંતભાવને ધારણ કરે છે—અકષાય વીતરાગભાવને ધારણ કરે છે અને અશાંત એવા રાગાદિભાવને છોડે છે તે જ સમયે તે જ્ઞાની સંયમી થાય છે.

શ્રોતા :—શાંતભાવમાં શું હોય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—શાંતભાવમાં અતીન્દ્રિય આનંદનું વેદન હોય છે. શુભાશુભભાવમાં દુઃખનો અનુભવ થાય છે તેનાથી વિરુદ્ધ અતીન્દ્રિય આનંદમાં સુખ-શાંતિનો અનુભવ થાય છે. ઈન્દ્રિયના આનંદથી વિરુદ્ધ તે અતીન્દ્રિય આનંદ છે. ઈન્દ્રિયોનું લક્ષ કરીને રાગમાં આનંદ માને છે તે અજ્ઞાની છે તેનાથી વિરૂદ્ધ આત્માનું લક્ષ કરીને અતીન્દ્રિય આનંદને અનુભવે છે તે જ્ઞાની છે. અજ્ઞાનીએ કદી સત્ય માર્ગ જોયો નથી. આમ ને આમ અનાદિકાળથી પરલક્ષ કરીને હેરાન થઈ રહ્યો છે. અશુભભાવમાં તો જીવ દુઃખી છે જ પણ શુભભાવમાં પણ અશાંતિ દુઃખ અને આકુળતા જ છે. તેને એ વેદે છે પણ ભગવાન આત્મા કેવો છે તેની એને ખબર નથી એટલે બહારમાં

સુખ ઢંઢોળ્યા કરે છે. પૈસા, આબરું, સ્ત્રી, પુત્રાદિના લક્ષે સુખની કલ્પના કર્યાં કરે છે પણ ક્યાંય સાચું સુખ મળતું નથી.

અહીં તો કહે છે કે દયા, દાન, વ્રત, ભક્તિનો વિકલ્પ ઊઠે છે તે પણ રાગ છે, અશાંતભાવ છે, તેમાં સુખ નથી. માટે તેમાં સુખ શાંતિ શોધવા જાય છે તેને પણ શાંતિ મળતી નથી. રાગમાત્રમાં દુઃખ અને આકુળતા છે તેનાથી ધર્મનો અંશ પણ પ્રગટ થતો નથી. બહારથી ભગવાન–ભગવાન–ભગવાન કરવાથી શાંતિ મળતી નથી. શાંતિ તો ભગવાન આત્મામાં પડી છે. આત્મા શાંતરસનો કંદ છે. એ શાંતરસમાં જ્ઞાની ઠરે છે તેનું નામ ચારિત્ર છે. આ ચારિત્ર વિકારનો નાશ કરી નાખે છે.

બ્રહ્માનંદ ભગવાન આત્માની શાંતિની શીતળ છાયામાં રહેવું તે ઉપશમભાવ છે. ઉપશમધારી મુનિને કોઈ ચંદન લગાવે તો રાગ નથી અને કોઈ શરીરને કાપે તો દ્વેષ પણ થતો નથી. મુનિની કોઈ નિંદા કરે કે પ્રશંસા કરે તેમાં પણ સમભાવ છે. શબ્દો તો જડની અવસ્થા છે તેનાથી મને શું છે! આવા શાંતસ્વભાવી મુનિને સંયમ હોય છે અને સંયમી મુનિને ચારિત્રવંત કહેવાય છે અને જે ક્રોધાદિ વિકારભાવને આધીન થાય છે એવા જીવ અસંયમી હોય છે.

જે સ્વભાવને આધીન થઈને શુદ્ધતાની શાંતિમાં ઠરી જાય છે તે સંયમી છે અને જે શુભાશુભ વિકારીભાવને આધીન થાય છે તે અસંયમી છે. આ પંચમઆરાના મુનિ પંચમઆરામાં સંયમી કેવા હોય તેની વાત કરે છે. ચોથા આરામાં જ આવો સંયમ હોય અને પંચમઆરામાં ન હોય એમ નથી. અશુભભાવ તો કષાય છે જ પણ શુભભાવ પણ કષાય છે, તેમાં આત્માની શાંતિનો ઘાત થાય છે. આવી વાત કાયરોને પ્રતિકૂળ પડે છે. શ્રીમદ્ કહે છે કે—

વચનામૃત વીતરાગનાં, પરમ શાંતરસ મૂળ,<br>
ઔષધ જે ભવરોગનાં, કાયરને પ્રતિકૂળ.

અહા! 'વીતરાગનાં વચનામૃત' શાંતરસની ઉત્પત્તિના મૂળ છે. શાંતરસ કહો, સમભાવ કહો, વીતરાગીભાવ કહો બધું એક જ છે. બહારમાં ઘોર પરિષહ કે ઉપસર્ગ હો પણ મુનિ તો પોતાના શાંતરસમાં લીન રહે છે. હરણિયાં મુનિને પથ્થર સમજીને શરીર ઘસે છે છતાં મુનિ તો ધ્યાનમાં લીન રહે છે. આવી શાંત દશા અમને પણ ક્યારે હો! છઢાળામાં દૌલતરામજીએ પણ મુનિની ઘણી વાત લીધી છે.

વિભાવ તો મિથ્યાદૃષ્ટિ અને સમકિતી, શ્રાવક આદિ બધાને ઉત્પન્ન થાય છે

પણ ફરક એ છે કે મિથ્યાદૃષ્ટિને આદરપૂર્વક વિભાવ થાય છે અને સમકિતી, શ્રાવક આદિ જ્ઞાની–મુનિને વિભાવનો આદર નથી પણ અસ્થિરતાવશ ઉત્પન્ન થાય છે એટલો અસંયમ છે. શુભભાવનો આદર કરે છે તે મિથ્યાદૃષ્ટિ છે અને આદર વિના શુભભાવ ઉત્પન્ન થાય છે તે અસંયમ છે અને શુભભાવ ઉત્પન્ન જ ન થાય અને શાંતભાવ થાય તેનું નામ સંયમ છે.

ભાવાર્થ :—આકુળતારહિત નિજશુદ્ધાત્માની ભાવનાથી ઉત્પન્ન થયેલ નિર્વિકલ્પ (અસલી) સુખનું કારણ જે પરમ શાંતભાવ તેમાં જે સમયે જ્ઞાની સ્થિત થાય છે તે જ સમયે સંયમી કહેવાય છે. અને આત્મભાવનામાં આકુળતા ઉપજાવવાવાળા કામ-ક્રોધાદિ અશુદ્ધભાવોમાં પરિણમતો થકો જીવ અસંયમી થાય છે તેમાં કોઈ સંદેહ નથી.

શુભાશુભની આકુળતાથી રહિત નિજશુદ્ધાત્માની ભાવના એટલે કે શાંતરસમાં એકાગ્રતાથી આત્મામાં નિર્વિકલ્પ પરમ શાંતભાવ ઉત્પન્ન થાય છે તેમાં આનંદ છે જ્યારે અશાંતભાવમાં તો પરમદુઃખ છે. શુભાશુભભાવ દુઃખનું કારણ છે—અશાંતભાવ છે અને ભગવાન આત્માનો અકષાયભાવ—શાંતભાવ આનંદનું કારણ છે.

અહો ! એને નિજઘરના માહાત્મ્ય આવ્યા નહિ અને પરઘરમાં બહારચલો થઈને ફરે છે અને તેમાં હું કાંઈક કરું છું એમ માને છે.

અતીન્દ્રિય આનંદનું કારણ પરમ શાંતભાવ છે એમ કહીને યોગીન્દ્રદેવ એ કહેવા માંગે છે કે શુભાશુભભાવ પરમ અશાંતભાવ હોવાથી દુઃખના કારણ છે, દુઃખરૂપ છે. પણ અરે ! આ વાત શ્રદ્ધામાં બેસાડવામાં એને પરસેવા ઉતરે છે. કેમ કે બહારચલો થઈ ગયો છે. શુભાશુભભાવમાં રસ લે છે તે બહારચલો છે.

અહા ! જેમાં નજર નાંખતાં શાંતરસ ઝરે એવા આત્માની પરિણતિ તે આનંદનું કારણ છે. જ્ઞાની જે સમયે તેમાં ઠરે છે તે જ કાળે તેમને સંયમી કહેવાય છે. આ છઠ્ઠા–સાતમા ગુણસ્થાનવર્તી સંયમી મુનિની વાત છે. આવા સંયમીને આચાર્ય કહે છે, આવા સંયમીને ઉપાધ્યાય કહે છે અને આવા સંયમીને જ સાધુ કહે છે.

શ્રોતા :—આ નિર્વિકલ્પદશા સમયની શાંતિની વાત છે ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—નિર્વિકલ્પદૃષ્ટિની સાથે ભલે વિકલ્પ હો પણ નિર્વિકલ્પ પરિણતિ તે જ સંયમ છે.

ભગવાન શુદ્ધાત્મામાં એકાગ્રતાની ભાવનામાં પરમ આકુળતા ઉપજાવવાવાળા કામ એટલે રાગ અને ક્રોધ એટલે દ્વેષ આદિ અશુદ્ધભાવોમાં પરિણમતો જીવ અસંયમી

થાય છે. કારણ કે શુભ અને અશુભ બંને ભાવ અશુદ્ધ છે, મલિન છે, દુઃખના કરનારા છે, દુઃખરૂપ છે માટે જ્યારે જીવ તેને તાબે થઈ જાય છે ત્યારે અસંયમી કહેવાય છે એમ નિઃસંદેહ જાણો.

આવું જ કથન શાસ્ત્રમાં બીજી જગ્યાએ પણ કર્યું છે કે કષાયના અભાવ તે જ ચારિત્ર છે માટે કષાયને આધીન જીવ અસંયમી થાય છે. જ્યારે તે કષાયોને શાંત કરે છે ત્યારે સંયમી થાય છે.

આત્મા તો ત્રિકાળ અકષાયસ્વભાવે રહેલો છે. તેમાં ઠરવું તે અકષાયભાવ છે. આ અકષાયભાવ જ ચારિત્ર છે. જ્યારે તે પુણ્યને આધીન થઈ જાય છે તો અસંયમી થઈ જાય છે. આવી વાણી દિગંબર સંત સિવાય કોણ કહે ! સંતોએ તો જેવું સત્ય છે તેવું જાહેર કરી દીધું છે. માનો કે ન માનો એ તમારા અધિકારની વાત છે પણ વસ્તુસ્થિતિ તો આમ છે.

જ્યારે કષાયો શાંત થાય છે, શુભાશુભ વિકલ્પોનો નાશ થાય છે અને અવિકારી શાંત પરિણતિ પ્રગટ થાય છે ત્યારે તેને સંયમી કહેવાય છે.

આ ૪૧ ગાથા થઈ. હવે ૪૨ ગાથામાં યોગીન્દ્રદેવ કહે છે કે જે મોહથી મનમાં કષાય થાય છે તે મોહને તું છોડ !

जेण कसाय हवंति मणि सो जिय मिल्लहि मोहु ।
मोह कसाय विवज्जयउ पावहि सम बोहु ॥४२॥

અર્થ :—હે જીવ ! જે મોહથી અથવા મોહ ઉત્પન્ન કરવાવાળી વસ્તુથી મનમાં કષાય થાય તે મોહને અથવા મોહનિમિત્તક પદાર્થને છોડ ! પછી મોહરહિત થયો થકો તું નિયમથી રાગ–દ્વેષરહિત જ્ઞાનને પામીશ.

'મોહ' એટલે પરમાં સાવધાની અને સ્વરૂપની સાવધાની એટલે 'મોહરહિત મોક્ષમાર્ગ.' પરમાં સાવધાનીથી મનમાં કષાય ઉત્પન્ન થાય છે તે મોહ છે. એ મોહ જેના નિમિત્તે થાય છે એવા પદાર્થને અને તે સંબંધી મોહને તું છોડ ! આમ કહીને એ પણ સિદ્ધ કરે છે કે પરપદાર્થના લક્ષે મોહ જ થાય છે અને પોતાના આત્માના લક્ષે અરાગી દૃષ્ટિ, જ્ઞાન અને શાંતિ થાય છે. માટે સ્વલક્ષ કર અને પરલક્ષ તથા મોહને છોડ !

આમાં જરાં કડક વાત છે. ભગવતી આરાધનાના શ્લોકનો આધાર આપીને આગળ વાત કરશે.

ભગવાન આત્માને પરપદાર્થના લક્ષમાં રાગ થાય છે તેમાં અશાંતિનું વેદન થાય છે. માટે પરપદાર્થનું લક્ષ છોડ તો પરપદાર્થ છોડ્યો કહેવાશે અને તેનો રાગ છોડ તો અશાંતિ ટળીને શાંતિ થશે. આત્મામાં આવી નિર્વિકલ્પ શાંતિ થવી તે જ મોક્ષનો માર્ગ છે. બીજો કોઈ મોક્ષનો માર્ગ નથી.

*(ક્રમશઃ)*

## કાળલબ્ધિ ભવિતવ્ય છે; નથી એમ ન માનો.

**[મૂઢપણાથી કર્તૃત્વબુદ્ધિ હજી કરવી છે ને એને! એટલે કાળલબ્ધિ–ભવિતવ્ય ઉડાડે છે!!]**

જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ. (શ્રોતા : કાળલબ્ધિ કોઈ વસ્તુ નથી)....પણ એ વસ્તુ નથી એટલે! કોઈ જુદી ચીજ નથી એમ કહે છે. જે કાળમાં કાર્ય બને તે જ કાળલબ્ધિ. કાર્ય બને જે સમયે તે કાળલબ્ધિ અને જે કાર્ય થયું તે ભવિતવ્ય; થયું તે ભવિતવ્ય. આ આત્મા જે કારણથી કાર્યસિદ્ધિ અવશ્ય થાય તે કારણનો ઉદ્યમ કરે ત્યાં તો અન્ય કારણો અવશ્ય મળે એટલે કાળલબ્ધિનું કારણ તો ભેગું છે. આમ પુરુષાર્થ કરે છે ત્યારે કાળલબ્ધિનું કારણ ભેગું છે જ, ભવિતવ્ય પણ ભેગું છે જ; નથી એમ નહીં.

જે મોક્ષનો પુરુષાર્થ કરે છે તેને તો કાળલબ્ધિ ને ભવિતવ્ય થઈ ચૂક્યા; થઈ ચૂક્યા એટલે એમાં છે, નથી એમ નથી કહ્યું.

જે સમય કાર્ય થવાનો છે ત્યારે પુરુષાર્થથી આમ જોયું–પુરુષાર્થથી કર્યું તો કાળે થયું એનું જ્ઞાન થયું અને કાર્ય થયું તે ભવિતવ્ય. જે કાળે કાર્ય બન્યું તે કાળલબ્ધિ, 'થયું' તે ભવિતવ્ય–ભાવસૂચક છે. માળા પણ (કાળલબ્ધિ-ભવિતવ્ય) એવા ઉડાડે છે ને મૂઢપણાથી! કર્તૃત્વબુદ્ધિ હજી કરવી છે ને એને!

*—પુરુષાર્થપ્રેરણામૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રી*

*[શ્રી કળશટીકા-પ્રવચન નં. ૨૨૮ તા. ૨૩-૧૧-૬૫]*

*

# પ્રભુત્વશક્તિ

[શ્રી સમયસાર શાસ્ત્રના પરિશિષ્ટ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું પ્રવચન]

'જેનો પ્રતાપ અખંડિત છે અર્થાત્ કોઈથી ખંડિત કરી શકાતો નથી એવા સ્વાતંત્ર્યથી (–સ્વાધીનતાથી) શોભાયમાનપણું જેનું લક્ષણ છે એવી પ્રભુત્વશક્તિ.'

અહીં કહે છે—'જેનો પ્રતાપ અખંડિત છે....' કોનો? કે આત્મદ્રવ્યમાં એક પ્રભુત્વ નામની શક્તિ છે તેનો પ્રતાપ અખંડિત છે, અબાધિત છે. અહાહા...! પ્રભુત્વશક્તિ કહો કે ઈશ્વરશક્તિ કહો કે પરમેશ્વરશક્તિ કહો–બધું એક જ છે. તે પોતાના પ્રભુપદ–પરમાત્મપદને ભૂલી ગયો છે. ભાઈ! આ તું જેનું સ્મરણ કરે છે તે વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સાચા પરમેશ્વર છે. પણ તે પર હોવાથી તેમના સ્મરણ આદિ વડે રાગ જ ઉત્પન્ન થાય છે. પણ જો કોઈ તેમને જોઈને પોતાના ચૈતન્યપરમેશ્વરને યાદ કરી લે છે, જાણી લે છે તો તેને ભવના અભાવના બીજરૂપ સમ્યગ્દર્શન આદિ પ્રગટ થાય છે, ઓહો! જેણે પોતાના પ્રભુને–ચૈતન્ય મહાપ્રભુને અંતરમાં દીઠા તેને પર્યાયમાં પ્રભુતા પ્રગટ થાય છે.

સમયસારની ગાથા ૩૮મા કહ્યું છે :—''જેમ કોઈ મૂઠીમાં રાખેલું સુવર્ણ ભૂલી ગયો હોય તે ફરી યાદ કરીને તે સુવર્ણને દેખે તે ન્યાયે, પોતાના પરમેશ્વર (સર્વ સામર્થ્યના ધરનાર) આત્માને ભૂલી ગયો હતો તેને જાણીને, તેનું શ્રદ્ધાન કરીને તથા તેનું આચરણ કરીને (–તેમાં તન્મય થઈને) જે સમ્યક્ પ્રકારે એક આત્મારામ થયો, તે હું એવો અનુભવ કરું છું કે હું ચૈતન્યમાત્ર જ્યોતિરૂપ આત્મા છું કે જે મારા જ અનુભવથી પ્રત્યક્ષ જણાય છે.....આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો.''

અહાહા....! ભગવાન આત્મા ચિદાનંદ પ્રભુ અનંત ગુણરત્નોની ભરેલો ચૈતન્યરત્નાકર છે. તેમાં જેમ જ્ઞાન, દર્શન સુખ, વીર્ય આદિ ગુણો છે તેમ પ્રભુત્વ નામનો એક ગુણ છે. અહા! આ પ્રભુત્વ ગુણ બીજા અનંત ગુણમાં વ્યાપક છે. જ્ઞાનમાં પ્રભુત્વ, દર્શનમાં પ્રભુત્વ, આનંદમાં પ્રભુત્વ, વીર્યમાં પ્રભુત્વ, અસ્તિત્વમાં પ્રભુત્વ, કર્તા કર્મ, કરણ આદિ ષટ્કારક શક્તિઓમાં પ્રભુત્વ–એમ અનંતગુણમાં પ્રભુત્વ વ્યાપક છે. અહાહા...! આ પ્રભુત્વશક્તિ દ્રવ્યમાં વ્યાપક છે, ગુણમાં વ્યાપક છે, ને અખંડ પ્રતાપથી સ્વાધીન શોભાયમાન ત્રિકાળી ધ્રુવ દ્રવ્યની દૃષ્ટિ થતાં પર્યાયમાં પણ

વ્યાપક થાય છે. આમ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં –ત્રણેયમાં પ્રભુત્વશક્તિ વ્યાપે છે. દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેય અખંડ પ્રતાપથી સ્વાધીન શોભી ઊઠે છે. અહા ! એના પ્રતાપને તોડી શકે એવી કોઈ ચીજ જગતમાં નથી. ગાથા ૩૮ની ટીકામાં આવ્યું ને કે—

''આમ સર્વથી જુદા એવા સ્વરૂપને અનુભવતો આ હું પ્રતાપવંત રહ્યો. એમ પ્રતાપવંત વર્તતા એવા મને, જોકે (મારી) બહાર અનેક પ્રકારની સ્વરૂપની સંપદા વડે સમસ્ત પરદ્રવ્યો સ્ફુરાયમાન છે તોપણ, કોઈ પણ પરદ્રવ્ય પરમાણુમાત્ર પણ મારાપણે ભાસતું નથી કે જે મને ભાવકપણે તથા જ્ઞેયપણે મારી સાથે એક થઈને ફરી મોહ ઉત્પન્ન કરે; કારણ કે નિજરસથી જ મોહને મૂળથી ઉખેડીને–ફરી અંકુર ન ઊપજે એવો નાશ કરીને મહાન જ્ઞાનપ્રકાશ મને પ્રગટ થયો છે.''

અહા ! દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેમાં પ્રભુતા વ્યાપી છે. અહાહા...! સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ નિર્મળ પર્યાય પ્રગટ થઈ તેમાં પ્રભુતા વ્યાપક છે. અહા ! તેની પ્રભુંતાને કોઈ આકરા ઉપસર્ગ અને પરિષહ, આકરો કર્મોદય ખંડિત કરી શકે નહિ એવું તેનું સ્વરૂપ છે. અહા ! તારા દ્રવ્ય–ગુણ–પર્યાયની પ્રભુતામાં અશુદ્ધતાનો અભાવ છે, કેમકે અશુદ્ધતા તો બહાર ને બહાર છે. તે શું કરે ? ઊલટું પ્રગટ થયેલી પ્રભુતા વૃદ્ધિગત થઈ અશુદ્ધતાના–રાગના ખંડ–ખંડ કરી દે એવો તેનો સ્વભાવ છે. સમજાણું કાંઈ....?

શ્રોતા :—હા, પણ તે અશુદ્ધતા નામ વ્યવહારરત્નત્રયનો રાગ પ્રભુતાનું સાધન તો છે ને ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—ના, એમ નથી; કેમકે કોઈપણ રાગ છે તે પામરતા છે, તે પામરતા પ્રભુતાનું સાધન થાય એમ બની શકે નહિ. તેને સાધન કહીએ એ તો ઉપચારમાત્ર છે. ત્રિકાળી દ્રવ્યમાં ને શ્રદ્ધા, જ્ઞાન, આનંદ આદિ ગુણોમાં તો પ્રભુતા ત્રિકાળ ભરી જ છે, અને તેની વર્તમાન દશા તો ત્રિકાળીની સન્મુખ દૃષ્ટિ કરી, તેમાં રમણતા કરતાં પ્રગટ થાય છે. કાંઈ વ્યવહારરત્નત્રયના રાગથી થાય છે એમ નથી. ભાઈ ! ત્રિકાળી શુદ્ધ દ્રવ્યના આલંબન વડે જ અખંડ પ્રતાપથી શોભિત પ્રભુતા પ્રગટ થાય છે; તે કાળે વ્યવહારનો રાગ હો ભલે, પણ તે આત્મા માટે કાંઈ જ લાભદાયક નથી. આવી વાત છે. સમજાણું કાંઈ.....?

અહાહા...! આત્મદ્રવ્ય અને તેની એકેક શક્તિ અને તેની નિર્મળ વ્યક્તિની પ્રભુતાનો અખંડ પ્રતાપ છે અને તે સ્વતંત્ર–સ્વાધીનપણે શોભાયમાન છે. જુઓ, આ શોભા–શણગાર ! આ શરીર પર ઘરેણાંનો શણગાર કરે છે ને ! એ તો ધૂળેય શણગાર નથી સાંભળને; એ તો મડદાંનો–માટીનો શણગાર છે. દેહનાં શણગાર–શોભા એ કાંઈ

આત્માની શોભા નથી ને દેહના નેહરૂપ પરિણમે એ પણ આત્માની શોભા નથી. અહાહા...! દેહ અને રાગથી ભિન્ન અંદર ચૈતન્ય ચિદાનંદ પ્રભુ છે તેની સન્મુખ થઈ પરિણમે તે આત્માની શોભા છે અને તે ધર્મ છે. અહા! જુઓ તો ખરા! ભાવલિંગી મુનિરાજ દેહની શોભાથી (સંસ્કારથી) રહિત છે. અહા! તેઓ આહાર લેવા માટે નગરમાં જાય ને કોઈ રુદન સંભળાય તો આહાર લીધા વિના જ વનમાં પાછા ફરી જાય છે. અહા! સ્વાધીનપણે શોભિત મોક્ષમાર્ગને સાધવા નીકળ્યાં ત્યાં આ અશોભનીક શું? અહા! આનંદનો ભંડાર ખોલવો છે ત્યાં આ દેહને શું ભરવો? લ્યો, આમ વિચારી દુઃખનો ચિત્કાર-સાંભળતાં જ આહાર લીધા વિના જ વનમાં ચાલ્યા જાય છે અને સ્વસ્વરૂપમાં લીન થઈ જાય છે.

જુઓ, સમ્યગ્દર્શન કેમ થાય એની આમાં વાત છે. કહે છે—સમ્યગ્દર્શનની પર્યાય સ્વતંત્રપણે—સ્વાધીનપણે શોભાયમાન થઈને પ્રગટ થાય છે. આવું જ તેનું પ્રભુત્વ છે. શુભરાગ—વ્યવહારના કારણે સમ્યગ્દર્શન પ્રગટ થાય એમ કદી ય છે નહિ, કેમકે શુભરાગ પરાવલંબી છે, સ્વાલંબી—સ્વાધીન નથી. તેવી રીતે શુદ્ધ રત્નત્રયરૂપ ચારિત્રની દશા પણ સ્વાધીનપણે પ્રગટ થાય છે, વ્યવહારરત્નત્રયના કારણે કાંઈ ચારિત્ર પ્રગટે છે એમ નથી. વ્યવહારરત્નત્રય એ કાંઈ વાસ્તવિક રત્નત્રય નથી, ચારિત્ર નથી; એ તો પરાવલંબી રાગની જ દશા છે.

અહાહા...! સાધુ—મુનિવર—સંત તો પંચ પરમેષ્ઠીપદમાં વિરાજે છે. તેઓ લોકમાં પૂજનીક છે, વંદનીક છે. 'णमो लोए सव्वसाहूणम्' એમ પાઠ છે ને? મતલબ કે પ્રચુર વીતરાગી આનંદની દશા જેને અંતરંગમાં પ્રગટ થઈ છે એવા ચારિત્રવંત સર્વ નિર્ગ્રંથ સાધુઓને નમસ્કાર છે. અહાહા...! ચારિત્ર એટલે શું? સમકિતીને સ્વભાવનો અતિ ઉગ્ર આશ્રય અને રમણતાં થતાં ચારિત્ર પ્રગટ થાય છે. 'स्वरूपे चरणं चारित्रं' અહાહા...! એ ચારિત્રની દશા અખંડિત પ્રતાપવાળા સ્વાતંત્ર્યથી શોભાયમાન પ્રભુત્વમય છે. સમજાણું કાંઈ....?

ભગવાન આત્મા ચૈતન્યશાળી છે. ચૈતન્યશાળી એટલે ચૈતન્યવંત અને ચૈતન્ય વડે શોભાયમાન એમ બે અર્થ થાય છે. લોકમાં કરોડોની સંપત્તિવાળાને ભાગ્યશાળી—ભાગ્ય વડે શોભાયમાન—કહે છે. પણ જડ સંપત્તિથી કાંઈ જીવની શોભા નથી, અને તેના તરફનો મમતાનો ભાવ તે મહા અશોભનીક પાપભાવ છે. અરે, ધર્મી પુરુષોને તો પંચ પરમેષ્ઠી ભગવંતો પ્રતિ જે વિનય—ભક્તિનો ભાવ આવે છે તે ય પોસાતો નથી, હેય ભાસે છે. યોગસારમાં આવે છે ને કે—

પાપરૂપને પાપ તો જાણે જગ સહુ કોઈ;
પુણ્યતત્ત્વ પણ પાપ છે, કહે અનુભવી બુધ કોઈ.

પ્રવચનસારની ગાથામાં (ગાથા ૭૭) આ સ્પષ્ટ કહ્યું છે કે પુણ્ય ઠીક છે અને પાપ અઠીક છે એમ જે બેમાં (પુણ્ય–પાપમાં) ભેદ માને છે તે મોહાચ્છાદિત થયો થકો ઘોર અપાર સંસારમાં પરિભ્રમે છે. સમયસારના પુણ્ય–પાપ અધિકારમાં પણ આવે છે કે–શુભાશુભભાવ બંને કુશીલ છે. શુભભાવ પણ કુશીલ છે. જે ભાવ જીવને સંસારમાં દાખલ કરે તેને સુશીલ કેમ કહીએ? શુભભાવ જીવને સંસારમાં પ્રવેશ કરાવે છે; તેનું ફળ ભવસંસાર જ છે. તેથી શુભભાવ શોભનીક નથી. જે ભાવથી ભવનો અભાવ થાય તે શુદ્ધભાવ જ એક ઉપાદેય અને શોભનીક છે. ધર્મી પુરુષને શુભભાવ હો ભલે, પણ તેને એક શુદ્ધોપયોગની જ ભાવના હોય છે.

આહાહા.....! ભગવાન કેવળી કહે છે–ભાઈ! તારી આત્મવસ્તુમાં એક પ્રભુત્વ-શક્તિ છે. ત્યાં આ શક્તિ અને શક્તિવાન એવા ભેદનું લક્ષ મટાડી અભેદ એક ત્રિકાળી શુદ્ધ ચિન્માત્ર વસ્તુનું લક્ષ કરતાં તારી પ્રભુત્વશક્તિ અખંડિત પ્રતાપ સહિત તત્કાલ પ્રગટ થાય છે. અહાહા....! તે દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેયમાં વ્યાપે છે. અહાહા...! દ્રવ્યમાં પ્રભુત્વ, ગુણોમાં પ્રભુત્વ અને પર્યાયમાં પ્રભુત્વ પ્રગટે છે; અર્થાત્ તારી પ્રભુશક્તિ ક્રમે નિર્મળ–નિર્મળ એવી પરિણમે છે કે એનો પ્રતાપ કોઈથી નિવારી શકાતો નથી.

અરે, અજ્ઞાની જીવો પોતાને પામર માનીને બેઠા છે. અમે તો ગરીબ છીએ, સંસારી–રાગી છીએ, અલ્પજ્ઞ છીએ, અમે શું પુરુષાર્થ કરીએ? આમ અજ્ઞાનીઓ દીનતા કરી રહ્યા છે. તેમને અહીં કહે છે–ભાઈ! તારું સ્વરૂપ અંદર અનંત પ્રભુતાથી વિરાજે છે. તારા એકેક ગુણમાં પ્રભુત્વશક્તિ ભરી છે. અહાહા....! અનંત અનંત પ્રભુતાથી ભરેલો હું ચૈતન્ય મહાપ્રભુ છું એમ ભાન કરી અંતર–લક્ષ કરતાં જ પર્યાયમાં પ્રભુતા ઉછળે છે; સાથે જ્ઞાન, દર્શન આદિ અનંતી શક્તિઓ નિર્મળ ઊછળે છે. આનું નામ સમ્યગ્દર્શન અને ધર્મ છે.

શ્રોતા :—તો જ્ઞાની પણ પોતાને અલ્પજ્ઞ અને પામર જાણે છે તે કઈ રીતે છે?

પૂજ્ય ગુરુદેવશ્રી :—સમ્યગ્દષ્ટિને દ્રવ્ય–ગુણ–પર્યાય ત્રણેયમાં પ્રભુતા વ્યાપી છે. તથાપિ પૂર્ણ દશા પ્રગટી નથી, પૂર્ણ વીતરાગતા અને કેવળજ્ઞાન થયાં નથી, તો જેટલી વર્તમાન દશા અધૂરી છે તેટલી ત્યાં પામરતા અને અલ્પજ્ઞતા છે એમ જ્ઞાની યથાર્થ જાણે છે. આ સ્યાદ્વાદ છે. પૂર્ણ પરમાત્મદશા પ્રગટી નથી તે અપેક્ષાએ સાધક પોતાની પર્યાયને પામર જાણે છે. આ તેનો પર્યાય–વિવેક છે.

સમકિતી પોતાના આત્માને તૃણ સમાન સમજે છે–એમ સ્વામી કાર્તિકેય અનુપ્રેક્ષામાં આવે છે. ત્યાં અંતરંગમાં પ્રભુતાની પ્રતીતિ સહિત પર્યાયના વિવેકની વાત છે કે–ક્યાં દિવ્ય કેવળજ્ઞાન ? અને ક્યાં મારી અલ્પજ્ઞ દશા ? અહાહા....! આમ વિવેક કરીને દ્રવ્યના આશ્રયે પૂરણ દશા પ્રગટ કરવાની ધર્મી પુરુષ ભાવના ભાવે છે. ભાઈ ! જો એકલી જ પામરતા માને અને અંતરંગ પ્રભુતા ન ઓળખે તો પામરતા દૂર કરી પ્રભુતા ક્યાંથી લાવે ?

સમ્યગ્દષ્ટિને પોતાના સ્વરૂપનો અનુભવ થતાં જ નિજ પૂર્ણાનંદ પ્રભુની અંતર–પ્રતીતિ થાય છે અને તેને અતીન્દ્રિય આનંદનો સ્વાદ આવે છે. પરંતુ જ્યાં સુધી પૂરણ ચારિત્રની દશા–પૂર્ણ વીતરાગતા ન થાય ત્યાં સુધી કિંચિત્ રાગ આવે છે તે રાગને તે પામરતા સમજે છે. અહાહા...! ચારિત્રવંત મહા મુનિવરની આનંદની ? પણતાની દશા ક્યાં ? અને મારી વર્તમાન વર્તતી ચોથા ગુણસ્થાનની દશા ક્યાં ?

ધવલમાં એવો પાઠ છે કે–સ્વભાવના આશ્રયે મતિ–શ્રુતજ્ઞાનની જે વર્તમાન શા પ્રગટ થઈ છે તે કેવળજ્ઞાનને બોલાવે છે. એટલે શું ? કે વર્તમાન સમ્યગ્જ્ઞાનની દશા કેવળજ્ઞાનના સ્વરૂપને જાણે–ઓળખે છે અને તે જ વધતી–વધતી કેવળજ્ઞાનરૂપ થઈ જશે. અહો ! સંતોએ શું કમાલ કર્યાં છે ! એકવાર સાંભળ, નાથ ! તારા દ્રવ્ય–ગુણ–પર્યાયનું સંરક્ષણ અને સંવર્ધન કરનાર તું પોતે જ છો, ક્ષેમનો કરનાર તું પોતે તારો નાથ છો.

આત્મામાં ષટ્કારકરૂપ છ શક્તિઓ છે. કર્તા, કર્મ, કરણ, સંપ્રદાન, અપાદાન, અધિકરણ–એમ આ છ શક્તિઓ સ્વાધીનપણે શોભાયમાન છે; કેમકે તેઓ પોતાના પ્રભુત્વમય છે અર્થાત્ તેમાં પ્રભુત્વ ગુણ વ્યાપક છે. જેથી તેઓ પોતાનું કર્મ (–કાર્ય) નિપજાવવામાં પરાધીન નથી, પરની અપેક્ષારહિત સ્વાધીન છે. કર્તા સ્વાધીન, કર્મ સ્વાધીન, કરણ સ્વાધીન એમ છએ કારકશક્તિ સ્વાધીન છે. અહા ! આ સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રરૂપ કર્મ નીપજે તેને જીવ પોતે ષટ્કારકપણે પરિણમીને સ્વાધીનપણે પ્રાપ્ત થાય છે. તેમાં રાગ કે નિમિત્ત–પરવસ્તુની અપેક્ષા નથી. નિયમસારની બીજી ગાથામાં (ટીકામાં) કહ્યું છે કે નિશ્ચયે રત્નત્રય પરમ નિરપેક્ષ છે, વ્યવહારરત્નત્રયના વિકલ્પની, પર નિમિત્તની કે ભેદ–વિકલ્પની–કોઈની તેને અપેક્ષા નથી. આવું પ્રભુતાથી ભરેલું વસ્તુ તત્ત્વ સ્વાધીન છે ભાઈ ! લોકમાં જેમ રાજા સ્વાધીન શોભાયમાન હોય છે ને ! તેમ વસ્તુતત્ત્વ સ્વાધીન શોભાયમાન છે. સમયસાર ગાથા ૧૭–૧૮માં આત્માને ચૈતન્ય રાજા કહ્યો છે. અહાહા...! રાજા એટલે શું ? राजते शोभते इति राजा'—જે અખંડિત

પ્રતાપથી સ્વાધીન શોભે છે તે રાજા છે. અહાહા....! આ ચૈતન્યરાજા પોતાની અનંત ગુણપર્યાયથી અનિવારિત જેનું તેજ છે એવા પ્રતાપથી સ્વાધીન શોભાયમાન છે. સમજાણું કાંઈ....?

જુઓ, પંડિત દીપચંદજી સાધર્મી ગૃહસ્થ હતા. તેમણે 'પંચસંગ્રહ' ગ્રંથ લખ્યો છે. તેમાં શૃંગાર આદિ આઠ રસનું બહુ તાત્ત્વિક રીતે અનોખું વર્ણન કર્યું છે. ત્યાં તે લખે છે—આનંદરસકંદ પ્રભુ આત્માની અનંતશક્તિનું પરિણમન થાય તે શૃંગાર રસ છે. આ વ્યવહારરત્નત્રય તે આત્માનો શૃંગાર નથી, એ તો રાગ નામ દુઃખ છે. ત્યાં તેઓ લખે છે—આત્મા ગૃહસ્થ છે, બ્રહ્મચારી છે ઈત્યાદિ વિસ્મયકારી વાતો ત્યાં દર્શાવી છે.

અહાહા....! એક સમયની દર્શનની પર્યાય લોકાલોકને ભેદ પાડ્યા વિના સામાન્ય દેખે, તે જ સમયે જ્ઞાનની પર્યાય આ જીવ છે, આ ગુણ છે, આ પર્યાય છે, આ પર્યાયના અવિભાગ પ્રતિચ્છેદ છે—એમ ભેદ પાડીને જાણી લે છે. અહાહા....! દર્શનની પર્યાય બધું અભેદ સામાન્યરૂપે દેખે, ને જ્ઞાનની પર્યાય તે જ કાળે સ્વ–પર બધાને ભિન્નભિન્નપણે ભેદ પાડીને જાણે. અહો! આવો ચમત્કારી અદ્‌ભુત રસ આત્મામાં છે. આમ અદ્‌ભુત રસ, શૃંગાર રસ વગેરે આત્મામાં એકી સાથે સ્વતંત્ર શોભે છે તે આત્માનું પ્રભુત્વ છે.

આત્મા દ્રવ્ય–વસ્તુ છે. તેમાં સંખ્યાએ એક, બે, ત્રણ—એમ અનંત શક્તિ છે. દ્રવ્ય એક અને શક્તિ અનંત. તેમાં એની પ્રભુત્વશક્તિ અખંડિત પ્રતાપમય સ્વાતંત્ર્યથી શોભાયમાન છે. આ પ્રભુત્વશક્તિ દ્રવ્ય–ગુણ–પર્યાયમાં–ત્રણેમાં વ્યાપે છે, પણ તે શક્તિ પર્યાયના કાળને આઘોપાછો કરવા સમર્થ નથી. નિયત ક્રમમાં જે સમયે જે પર્યાય થવાની હોય તે જ થાય છે.

શ્રોતા :—દરેક પર્યાય થવાની હોય તે નિયત ક્રમમાં ક્રમબદ્ધ થાય તો પુરુષાર્થ કરવાનો ક્યાં રહ્યો?

પૂજ્ય ગુરુદેવશ્રી :—દ્રવ્યમાં જે સમયે જે પર્યાય થવાની હોય તે સમયે તે જ પ્રગટ થાય એવો યથાર્થ નિર્ણય કરનારની દૃષ્ટિ પોતાના ત્રિકાળી શુદ્ધ ચૈતન્યદ્રવ્ય ઉપર જ હોય છે. દૃષ્ટિ ત્રિકાળી દ્રવ્ય ઉપર જાય ત્યારે જ ક્રમબદ્ધપર્યાયનો સાચો નિર્ણય થાય છે. આ નિર્ણયમાં દ્રવ્યદૃષ્ટિનો અનંતો સમ્યક્ પુરુષાર્થ છે; કેમકે દ્રવ્યદૃષ્ટિ તે જ સમ્યક્ દૃષ્ટિ છે. પ્રત્યેક સમયે દ્રવ્યમાં જે પર્યાય થાય છે તે તેની જન્મક્ષણ છે એમ પ્રવચનસારમાં (ગાથા ૧૦૨મા) પાઠ છે. એટલે શું? કે તેને કોઈ પરવસ્તુની– નિમિત્તાદિની અપેક્ષા નથી. નિમિત્ત આવે તો થાય એમ માનનાર તો એકાંત નિમિત્તવાદી

અજ્ઞાની છે. નિમિત્તની તો શું વાત ? પ્રગટ થતી–ઉત્પાદરૂપ થતી–પર્યાયને પૂર્વ પર્યાયના વ્યયની પણ અપેક્ષા નથી. નિમિત્ત છે, પૂર્વ પર્યાયનો વ્યય છે (નથી એમ વાત નથી), પણ ઉત્પાદરૂપ પર્યાયને તેની અપેક્ષા નથી. અહો ! વીતરાગ સર્વજ્ઞ પરમેશ્વર સિવાય આવી વાત બીજે ક્યાંય નથી.

શ્રોતા :—પણ આવું સમજવામાં તો કેટલો બધો વખત જાય ?

પૂજ્ય ગુરુદેવશ્રી :—અરે ! સંસારના ભણતર પાછળ કેટલો વખત કાઢે છે ? વળી વિદેશમાં ભણવા જાય છે ને લાખો રૂપિયાનો ખર્ચ કરે છે. પણ આ લૌકિક ભણતર શું કામ આવે ? (સંસાર વધારવા સિવાય) કાંઈ જ કામ ન આવે. માટે આ તત્ત્વજ્ઞાનનો અભ્યાસ ક્રોડ ઉપાય કરીને પણ કરવો જોઈએ. છઢાળામાં કહ્યું છે ને કે–'કોટિ ઉપાય બનાય ભવ્ય તાકો ઉર આનો.'

'સ્વામી કાર્તિકેય અનુપ્રેક્ષા' નામના ગ્રંથમાં ગાથા ૩૨૧-૩૨૨-૩૨૩માં શ્રી કાર્તિકેય સ્વામીએ કહ્યું છે કે–સર્વજ્ઞદેવે જે જીવને જન્મ, મરણ, સુખ, દુઃખ આદિ જે દેશમાં, જે કાળે, જે વિધિથી થવાનું નિયત જાણ્યું છે તે જીવને તે દેશમાં, તે કાળે, તે વિધિથી તે તે થાય જ છે; તેમાં ઇન્દ્ર કે જિનેન્દ્ર–કોઈ કાંઈ ફેરફાર કરવા સમર્થ નથી.'' આ પ્રમાણે જે નિશ્ચયથી સર્વ દ્રવ્યો અને સર્વ પર્યાયોને જાણે છે તે શુદ્ધ સમ્યગ્દષ્ટિ છે અને જે શંકા કરે છે તે કુદૃષ્ટિ અર્થાત્ મિથ્યાદૃષ્ટિ છે. અહા ! દરેક દ્રવ્યની, દરેક ગુણની જે કાળે જે પર્યાય થવાયોગ્ય હોય તે કાળે તે જ પર્યાય ઉત્પન્ન થાય છે એમ યથાર્થ જાણનારનું લક્ષ પર્યાય ઉપર ન રહેતાં ત્રિકાળી દ્રવ્યસ્વભાવ ઉપર જાય છે અને એ જ સ્વભાવદૃષ્ટિનો સમ્યક્પુરુષાર્થ છે, આ રીતે ક્રમબદ્ધપર્યાયનો નિર્ણય કરવામાં ભેગો પુરુષાર્થ આવી જ જાય છે. માટે ક્રમબદ્ધ માનવાથી પુરુષાર્થ ઉડી જાય છે એવી શંકા કરવી યોગ્ય નથી. ભાઈ ! નિયત ક્રમ છોડીને કોઈ પ્રકારે પર્યાય આઘીપાછી થવાનું તું માને એ તો મિથ્યાદર્શન છે અને તારી એવી ચેષ્ટા મિથ્યા પુરુષાર્થ–મિથ્યા વિકલ્પ સિવાય કાંઈ જ નથી. સમજાણું કાંઈ....?

શ્રોતા :—હા, પણ પ્રવચનસારમાં નય પ્રકરણમાં કાળનય અને અકાળનય એમ બંનેનું વિધાન છે. તેથી એકાંતે બધું ક્રમનિયત–ક્રમબદ્ધ માનવું યોગ્ય નથી.

પૂજ્ય ગુરુદેવશ્રી :—પ્રવચનસારમાં ૪૭ નયનો અધિકાર છે; તેમાં કાળનય અને અકાળનયની વાત આવી છે. ત્યાં ૩૦મા કાળનયથી કથન કરતાં કહ્યું છે કે—

''આત્મદ્રવ્ય કાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખે છે એવું છે, ઉનાળાના

દિવસ અનુસાર પાકતા આમ્રફળની માફક.''

મતલબ કે જે કાળે જે પર્યાય થવાની હોય તે કાળે તે થાય એનું નામ કાળનય છે. વળી, ત્યાં ૩૧મા અકાળનયથી વર્ણન કરતાં કહ્યું છે કે—

''આત્મદ્રવ્ય અકાળનયે જેની સિદ્ધિ સમય પર આધાર રાખતી નથી એવું છે, કૃત્રિમ ગરમીથી પકવવામાં આવતા આમ્રફળની માફક.''

અહીં બંને—કાળનય અને અકાળનય—એક જ કાર્ય પ્રતિ પોતપોતાની વિવક્ષા રજૂ કરે છે. કાળનયમાં કાળની વિવક્ષા છે તેમ અકાળનય તે જ કાર્ય પ્રતિ અન્ય હેતુઓ—સ્વભાવ, પુરુષાર્થ, નિયત અને નિમિત્તની વિવક્ષા દર્શાવે છે. અહીં અકાળનયનો એવો અર્થ ક્યાં છે કે પર્યાય થવાની હોય તે ન થતાં આઘી—પાછી થાય કે બીજી થાય ? અકાળનો અર્થ એમ છે કે સ્વભાવ, પુરુષાર્થ, નિયત અને નિમિત્ત—એ બધા પણ પર્યાય થવાના કાળે સાથે જ છે; બાકી પર્યાય થવા યોગ્ય હોય તે આગળ—પાછળ થાય કે બીજી થાય એવો તેનો અર્થ નથી. વાસ્તવમાં પ્રત્યેક પર્યાય પોતાના નિયતક્રમમાં જ પ્રગટ થાય છે અને તે કાળે બાહ્ય અને અભ્યંતર સામગ્રીનો સહજ જ યોગ હોય છે.

જુઓ, સમયસાર ગાથા ૩૦૮થી ૩૧૧ની ટીકામાં આચાર્ય અમૃતચંદ્રદેવે ક્રમબદ્ધ વિષે સ્પષ્ટ વાત કરી છે. ત્યાં કહ્યું છે—''પ્રથમ તો જીવ ક્રમબદ્ધ એવા પોતાના પરિણામોથી ઊપજતો થકો જીવ જ છે, અજીવ નથી; એવી રીતે અજીવ પણ ક્રમબદ્ધ પોતાના પરિણામોથી ઊપજતું થકું અજીવ જ છે, જીવ નથી.'' મૂળ સંસ્કૃત ટીકામાં 'ક્રમનિયમિત' શબ્દ પડ્યો છે. એટલે દ્રવ્યમાં પ્રગટ થતા પ્રત્યેક પરિણામ ક્રમથી નિશ્ચિત તેવા ક્રમમાં થવાના કાળે જ પ્રગટ થાય છે, આઘા—પાછા થતા નથી.

ભાઈ ! આ તો ત્રિલોકીનાથ સર્વજ્ઞદેવની વાણીમાં ઝરેલું પરમામૃત છે. એવા રસપાન વિના બધું થોથાં છે. શું થાય ? અત્યારે તો બધા પંડિતોનું ભણતર જ નિમિત્તાધીન બુદ્ધિવાળું છે, એટલે કે નિમિત્તથી થાય; પણ પરથી પરનું પરિણમન ન થાય એવો અભ્યાસ જ નથી, પછી સ્વાનુભવ તો ક્યાંથી થાય ?

આ વાત સાંભળીને પં. દેવકીનંદન બોલેલા કે—સંતો આગમચક્ષુ હોય છે એ વાત હવે બરાબર સમજાય છે. ભાઈ ! ગમે તેમ કરીને જીવનમાં આ વાત સમજવા જેવી છે હોં. આહાહા....! અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પ્રગટ કરવાની તારી તાકાત છે. માટે આ મને ન સમજાય એવું શલ્ય છોડીને અભ્યાસ કર, જરૂર તને સ્વાનુભવ પ્રગટ થશે.

સમયસારના એક કળશમાં કહ્યું છે કે—એક ચૈતન્યમાત્ર વસ્તુને પોતે નિશ્ચળ લીન થઈ દેખ; એવો છ મહિના અભ્યાસ કર અને જો (-તપાસ) કે એમ કરવાથી પોતાના હૃદય—સરોવરમાં જેનું તેજ—પ્રતાપ—પ્રકાશ પુદ્‌ગલથી ભિન્ન છે એવા આત્માની પ્રાપ્તિ નથી થતી કે થાય છે? ભાઈ! પ્રાપ્તિ થાય જ એવી આ વાત છે. પોતે જાગતો ઊભો છે તે ક્યાં જાય? પ્રાપ્ત થાય જ. અહીં છ મહિનાનો અભ્યાસ કહ્યો તેથી એમ ન સમજવું કે એટલો વખત લાગે. તેનું થવું તો અંતર્મુહૂર્તમાં જ છે, પરંતુ કોઈ મંદ રુચિવાળો હોય તો તેના માટે કહ્યું છે કે—છ મહિના આ તત્ત્વજ્ઞાનનો સ્વલક્ષપૂર્વક અભ્યાસ કર, તને અનુભવ થશે જ થશે. અંતરની રુચિ વડે વાસ્તવિક તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરે તેને આત્મ-અનુભૂતિ થાય જ એમ વાત છે. પણ અરે! રળવા—કમાવા પાછળ મજૂરની જેમ આખી જીંદગી વેડફી નાખે! નોકરીવાળા તો ૫૫ વર્ષની ઉંમરે નિવૃત્ત છૂટા થાય, પણ આ તો ધંધાની મમતા આડે ૮૦—૯૦ વર્ષની ઉંમર થાય છતાં ત્યાંથી નિવૃત્ત થઈ આવું તત્ત્વ સમજવા ફુરસદ ન લે તો શું થાય? ભાઈ! જીંદગી હારી જઈશ હોં. મરીને ક્યાંય સંસાર-સમુદ્રમાં ખોવાઈ જઈશ.

સમયસારની પાંચમી ગાથામાં આચાર્યદેવે કહ્યું કે—'તે એકત્વ—વિભક્ત આત્માને હું આત્માના નિજ વૈભવ વડે દેખાડું છું; જો હું દેખાડું તો પ્રમાણ (સ્વીકાર) કરવું.' 'પ્રમાણ કરવું.' એટલે શું? કે જે એકત્વ—વિભક્ત આત્માને દર્શાવું છું તેને સ્વયમેવ પોતાના અનુભવ—પ્રત્યક્ષથી પરીક્ષા કરી પ્રમાણ કરવું. એકલી હા પાડ એમ નહિ, પણ હે શિષ્ય! પોતાના સ્વસંવેદન—પ્રત્યક્ષથી પ્રમાણ કર—એમ કહેવું છે. વસ્તુ પોતે આત્મા સ્વાનુભવ—પ્રત્યક્ષ ન થાય એમ વાત નથી. અહો! દિગંબર સંતોની આ રામબાણ વાણી છે. સમજાણું કાંઈ.....?

જુઓ, નિમિત્ત—ઉપાદાન, નિશ્ચય—વ્યવહાર ને ક્રમબદ્ધ એ પાંચ વાત અહીંથી ખાસ બહાર આવી છે તે ખાસ સમજવા જેવી છે. કેટલાક સમજ્યા વિના જ તેનો વિરોધ કરે છે. અહીંની વાત સાંભળી પં. દેવકીનંદન બોલ્યા હતા કે—અહો! ક્રમબદ્ધની આવી વાત અમે ક્યાંય સાંભળી નથી. અમારા બધા પંડિતોનું ભણતર જ નિમિત્તાધીન દૃષ્ટિવાળું છે. પ્રત્યેક દ્રવ્યની પર્યાય સ્વતંત્રપણે પોતાના ઉપાદાનથી પ્રગટ થાય છે એવી વાત અમારા અભ્યાસમાં કદી આવી નથી; અનુભવ થવાની વાત તો ક્યાંય દૂર રહી ગઈ.

અરે ભાઈ! ભગવાને આ વિશ્વમાં છ દ્રવ્યો જોયાં છે. તેમાં એક જીવ અને બાકીનાં પાંચ દ્રવ્યો—પુદ્‌ગલ, ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશ અને કાળ—તે અજીવ

છે. આ સર્વ જીવ–અજીવ દ્રવ્યો પ્રતિસમય પોતપોતાના ક્રમબદ્ધ પરિણામોથી નિરંતર ઉપજે છે. કોઈ દ્રવ્ય કોઈ અન્યદ્રવ્યના પરિણામને ઉપજાવે એવી વસ્તુસ્થિતિ જ નથી. ગાથા ૩૦૮ થી ૩૧૧ માં–ટીકામાં આ વાત આચાર્યદેવે પ્રસિદ્ધ કરી છે. આવી વસ્તુવ્યવસ્થા સ્વીકારીને જે અંતર્મુખ દૃષ્ટિ કરે છે તેને ક્રમબદ્ધનો સાચો નિર્ણય થાય છે અને તેને ક્રમબદ્ધ નિર્મળ આનંદ આદિ પર્યાયની ધારા શરુ થાય છે. બાકી તો જગતના જીવો બિચારા દુઃખમાં પીલાય છે. અરે ! ઘાણીમાં તલ પીલાય તેમ રાગદ્વેષની ઘાણીમાં તેઓ પીલાય છે. અહા ! **અનંત પ્રભુતામય પોતાના પ્રભુને–આત્માને ઓળખ્યા વિના બિચારા શું કરે ? ક્યાં જાય ?** (દુઃખમાં ડૂબી મરે છે). કોઈક વિરલ જીવ અંતર સ્વભાવ–સન્મુખનો પુરુષાર્થ કરે તે અલ્પકાળમાં કેવળજ્ઞાન લઈને **મોક્ષ** પ્રાપ્ત કરે છે. સજ્ઝાયમાં આવે છે ને કે—

**સહજાનંદી રે આત્મા, સૂતો કંઈ નિશ્ચિંત રે,**
**મોહતણા રે રણિયા ભમે, જાગ જાગ મતિવત રે;**
**લૂંટે જગતના જંત રે, વિરલા કોઈ ઉગરંત રે....**

અરે પ્રભુ ! આ મોહ-રાગ-દ્વેષાદિ તારા માથે ભમે છે ને તું પોતાના સહજાનંદી સ્વરૂપને ભૂલી પ્રમાદી થઈ સૂતો છે ! જાગ રે જાગ નાથ ! આ જગતના પ્રાણીઓ તને લૂંટે છે. આ બૈરાં–છોકરાં વગેરે કુટુંબીજનો પોતાની આજીવિકા હેતુ તારા આનંદને લૂંટે છે. નિયમસારમાં આવે છે કે આ સ્ત્રી–પુત્ર આદિ પરિજન પોતાની આજીવિકા માટે તને ધૂતારાઓની ટોળી મળી છે. હવે આવી સ્થિતિમાં કોઈ વિરલ જીવ મોહમુક્ત થઈ પોતાના ત્રિકાળી શુદ્ધ સહજાનંદ–જ્ઞાનાનંદ સ્વરૂપની સંભાળ કરે છે તે ઉગરી જાય છે અર્થાત્ પોતાનું કલ્યાણ કરી લે છે.

અહા ! અંદર પોતે ચૈતન્ય મહાપ્રભુ વિરાજે છે તેને ભૂલીને તું બહાર ફાંફાં મારે છે ! બહારમાં ક્યાં તારા પ્રભુતા ને આનંદ છે ? અહા ! અનંત ગુણની પ્રભુતાના સત્ત્વથી ભરેલો તું પ્રભુ છો. અહા ! આવા નિજ સ્વરૂપનો મહિમા લાવી અંતર્મુખ થા. તેમ કરતાં જ અખંડિત તેજ વડે તારો આત્મા પ્રભુતાથી પર્યાયમાં શોભી ઊઠશે. આ સિવાય બહારમાં ક્યાંયથી તારી પ્રભુતા પ્રગટ થાય એમ છે નહિ. સમજાણું કાંઈ...! લ્યો,—

આ પ્રમાણે અહીં પ્રભુત્વશક્તિનું વર્ણન પૂરું થયું.

*

# પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રીની ગુરુભક્તિપૂર્ણ આધ્યાત્મિક તત્ત્વચર્ચા

**પ્રશ્ન :—** *નાસ્તિભાવે નિર્ણય બરાબર થાય છે, પણ અસ્તિભાવે પકડાતું નથી કે હું જ્ઞાયક આત્મા જ છું ?*

**સમાધાન :—** પહેલાં આત્મા દેખાતો નથી એટલે અસ્તિ ગ્રહણ થતી નથી ને રાગાદિ બધું કરવા જેવું નથી એમ થાય છે, કેમ કે રાગાદિ દુઃખરૂપ લાગે છે, તો પણ આત્મા સ્વ લક્ષણથી ઓળખાય છે. જાણનારો છે તે જ હું છું એમ પોતે વિચાર કરીને ને ઊંડો ઊતરીને સૂક્ષ્મ ઉપયોગ કરે તો પોતાની અસ્તિ ગ્રહણ થાય છે. પોતે પોતાને ભૂલી ગયો છે, પણ પોતે જ છે. બીજો નથી.

બધા ભાવો ચાલ્યા ગયા, પણ પોતે જાણનારો તો એમ ને એમ શાશ્વત રહે છે. ગયા કાળમાં જે વિકલ્પો થયા તેને પોતે યાદ કરી શકે છે, પણ પોતે તો એમ ને એમ જ રહે છે. માટે જાણનારનું જેવું છે તેવું અસ્તિત્વ ગ્રહણ કરવા માંગે તો કરી શકે છે. પોતે અંદર ઊંડો ઊતરીને જે આ જાણનારો જ્ઞાયક છે–તે જ હું છું એમ તેના ઉપર જોર લાવી શકે છે. એમ જ્ઞાયક ઉપર જોર લાવી નિર્ણય કરે, તો યથાર્થ પ્રતીતિ કરી શકે છે. પોતે વિચારીને અને અંતરમાંથી નક્કી કરીને જોર લાવે કે આ જાણનાર હું છું, આ રાગાદિ હું નથી, તો પોતે પોતાને ઓળખી શકે છે.

**પ્રશ્ન :—** *આત્માને ઓળખવાનો અભ્યાસ કેવી રીતે કરવો ? શું બહારનાં કામ છોડી દેવાં ?*

**સમાધાન :—** પોતે અંદરથી ખટક રાખીને વાંચન કરવાનો ટાઈમ ગોતી લેવો. કામ એવાં ન હોવાં જોઈએ કે પોતાને વિચાર-વાંચનમાં ડખલ થાય. એટલાં બધાં કામ ન હોય કે વાંચવાનો કે વિચારવાનો ટાઈમ ન મળે. જો તેવું હોય તો પોતે કામને ઓછાં કરીને નિવૃત્તિ મળે એવું કરવું જોઈએ. કેટલાંક કામ છોડવાં જોઈએ, પણ કેટલાં છૂટે તે પોતાની શક્તિ પ્રમાણે છે. પોતાને નિવૃત્તિ મળે, વાંચન-વિચારનો ટાઈમ મળે એવી જાતનાં મર્યાદિત કામ હોય. ગૃહસ્થાશ્રમમાં અમુક પ્રકારનાં કામ તો હોય છે, પણ પોતાને નિવૃત્તિ માટે ટાઈમ જ ન મળે અને બોજો વધી જાય તેવું ન હોય. કામ છોડવાં કે ન છોડવાં તે તો પોતાની રુચિ ઉપર છે, બાકી ગૃહસ્થાશ્રમમાં પોતાને વાંચન-વિચારનો ટાઈમ મળે એટલું તો હોવું જોઈએ.

*

[તા. ૧-૭-૨૦૦૦]

# સુવર્ણપુરી સમાચાર

—તંત્રી

અધ્યાત્મતીર્થક્ષેત્ર શ્રી સુવર્ણપુરીનું ધાર્મિક વાતાવરણ, અનંત-ઉપકારમૂર્તિ પરમ પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામી તેમ જ તેમના પરમ ભક્ત પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના કલ્યાણવર્ષી પુણ્ય-પ્રતાપે, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહના જ્ઞાન-વૈરાગ્ય ભક્તિભીના મધુર તત્ત્વાવધાનમાં, અધ્યાત્મજ્ઞાનના પાવન ગુંજારવથી સદાય પ્રફુલ્લિત રહે છે, તેમ જ નીચે પ્રમાણે ધાર્મિક કાર્યક્રમ પ્રતિદિન નિયમિત ચાલી રહ્યો છે :—

| | |
|---|---|
| પ્રાતઃ | : પૂજ્ય બહેનશ્રીના નિવાસસ્થાને તેઓશ્રીની ધર્મચર્ચાની ઓડિયો-ટેપ |
| પ્રાતઃ | : જિનેન્દ્ર-દર્શન-પૂજા |
| સવારે ૮-૩૦ થી ૯-૩૦ | : શ્રી સમયસાર ઉપર (૧૯મી વખતના) પૂ.ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |
| બપોરે ૩-૩૦ થી ૪-૩૦ | : શ્રી પ્રવચનસાર ઉપર શાસ્ત્રવાંચન |
| બપોરે પ્રવચન પહેલાં | : પરમ પૂજ્ય ગુરુદેવશ્રી પ્રત્યે ઉપકૃતભાવભીની સ્તુતિ |
| બપોરે પ્રવચન પછી | : પૂજ્ય બહેનશ્રીના ચિત્રપટ સમક્ષ સ્તુતિ |
| બપોરે ૪-૪૫ થી ૫-૧૧ | : જિનેન્દ્રભક્તિ |
| સાંજે ૮-૦૦ થી ૯-૦૮ | : 'શ્રી સમયસાર-કળશટીકા' ઉપર પૂજ્ય ગુરુદેવશ્રીનું ટેપ-પ્રવચન |

**વીરશાસનજયંતી :**— આગામી અષાઢ વદ ૧, સોમવાર, તા. ૧૭-૭-૦૦ના રોજ શ્રી વીરશાસનજયંતી શ્રી પરમાગમમન્દિરમાં પૂજાભક્તિના વિશેષ આયોજન સહ ઉજવવામાં આવશે.

**રક્ષાબંધન પર્વ :**— ઉપસર્ગવિજેતા શ્રી અકમ્પનાચાર્ય આદિ ૭૦૦ મુનિઓની રક્ષાનો વાર્ષિકપર્વ તા. ૧૫-૮-૦૦ ના રોજ છે. આ રક્ષાબંધનપર્વ પૂજાભક્તિ વિશેષ કાર્યક્રમપૂર્વક ઉજવાશે.

## દશલક્ષણ-પર્યુષણ માટે પ્રવચનકાર

પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીના ભક્તગણ શ્રી દિગમ્બર જૈન મુમુક્ષુ મંડળોને, પૂજ્ય ગુરુદેવશ્રી દ્વારા પ્રરૂપિત શુદ્ધાત્મપ્રમુખ અધ્યાત્મતત્ત્વજ્ઞાનનો પ્રવચનલાભ લેવા દશલક્ષણ–પર્યુષણપર્વમાં સોનગઢથી પ્રવચનકાર વિદ્વાન બોલાવવાની ભાવના હોય તેઓ પોતાના મુમુક્ષુ મંડળના અધ્યક્ષ તેમ જ મંત્રી દ્વારા લેખિત નિવેદનપત્રથી નીચેના એડ્રેસ પર જાણ કરે. સુવિધાનુસાર પ્રવચનકાર મોકલવામાં આવશે.

પ્રચાર વિભાગ,
**શ્રી દિ૦ જૈન સ્વાધ્યાયમન્દિર ટ્રસ્ટ,**
સોનગઢ—૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)
✆ : (02846) 44334

अध्यात्मविद्यास्थली सोनगढमां—

## * प्रौढ धार्मिक शिक्षणवर्ग *

અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની પવિત્ર સાધનાભૂમિ શ્રી સુવર્ણપુરીમાં પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનના ૮૭મી જન્મજયંતી (તા. ૧૩-૮-૨૦૦૦ થી તા. ૧૭-૮-૨૦૦૦)ના મંગલમય અવસરે અધ્યાત્મવિદ્યાના શિક્ષણાર્થી પ્રૌઢ જૈન મહાનુભાવો માટે તા. ૯-૮-૨૦૦૦, બુધવારથી તા. ૨૮-૮-૨૦૦૦, સોમવાર--વીસ દિવસનો પ્રૌઢ ધાર્મિક શિક્ષણવર્ગ રાખવામાં આવ્યો છે. શિક્ષણેચ્છુ મહાનુભાવોને સાદર આમંત્રણ છે. બહારગામથી આવેલા શિક્ષણાર્થી પુરુષો માટે આવાસ-ભોજન વ્યવસ્થા નિઃશુલ્ક રાખવામાં આવી છે.

ભવોદધિતારણહાર પૂજ્ય ગુરુદેવશ્રીનાં "શ્રી છઢાળા" ઉપર કુલ ૫૦ પ્રવચનો થયા છે. એક પ્રવચન કેસેટ રૂા. ૨૫=૦૦ ને બદલે સ્વ. નવનીતભાઈ ઝવેરી-પરિવાર તરફથી રૂા. ૧૫=૦૦મા આપવામાં આવશે.

### વૈરાગ્ય સમાચાર :—

કુચામલનિવાસી (હાલ-ભાવનગર) શ્રી માણેકલાલજી કાલા જૈન (—શ્રી હીરાલાલજી કાલાના નાનાભાઈ) ઉંમર વર્ષ-૬૩, તા. ૨૪-૫-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે તેઓએ ઘણા વર્ષોથી પૂજ્ય ગુરુદેવશ્રીનો ખૂબ લાભ લીધો હતો.

લંડનનિવાસી શ્રી રમણિકલાલ ટપુભાઈ શાહ (વર્ષ-૬૯) તા. ૬-૬-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મુંબઈનિવાસી ભોગીલાલ મગનલાલ ખધાર (વર્ષ-૭૯) તા. ૧૮-૬-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

મહીદપુર (મ.પ્ર.)નિવાસી સાગરમલજી ઘીવાલા ઉંમર વર્ષ-૮૩, તા. ૨૩-૬-૨૦૦૦ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.

શ્રી નટવરલાલ કુંવરજી શાહ પાલેજવાળાના ધર્મપત્ની મંજુલાબેન તા. ૧-૭-૨૦૦૦ના રોજ હાર્ટ એટેક આવવાથી સ્વર્ગવાસ પામ્યા છે.

*

## U.K.ની રાજધાની લંડન શહેરમાં સાનંદ સંપન્ન
## શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરની
# વેદી-શિલાન્યાસવિધિ

આનંદોલ્લાસ સહ જણાવવાનું કે—આપણા પરમ-તારણહાર, અધ્યાત્મયુગસ્રષ્ટા, સ્વાનુભવમાર્ગપ્રકાશક પરમ પૂજ્ય સદ્ગુરુદેવશ્રી કાનજીસ્વામી તેમજ તદ્ભક્ત શિરોમણિ, સ્વાનુભવ વિભૂષિત પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના ધર્મોપકાર-પ્રતાપથી U.K.ની રાજધાની લંડન શહેરમાં અનેક મુમુક્ષુઓને અધ્યાત્મધર્મની રુચિ જાગૃત થઈ છે. ફળસ્વરૂપે અહીં પ્રવર્તમાન સત્શ્રવણ, સત્સ્વાધ્યાય આદિ ધાર્મિક ગતિવિધિમાં અનેક મુમુક્ષુ લાભ લઈ રહ્યા છે. વીતરાગ દેવ-શાસ્ત્ર-ગુરુના ભક્ત આ મુમુક્ષુઓની અધ્યાત્મતત્ત્વજ્ઞાન-પ્રધાન પ્રતિદિન દેવદર્શન-પૂજાની ચિર ભાવિત ભાવના હવે વિશેષતઃ સાકાર થઈ રહી છે. અહીં લંડનમાં નિર્માણાધીન નૂતન શ્રી મહાવીરસ્વામી દિગંબર જિનમંદિરની ભવ્ય વેદીની મંગલ શિલાન્યાસવિધિ વિ. સં. ૨૦૫૬, ચૈત્ર સુદ ૧૩, રવિવાર, તા. ૧૬-૪-૨૦૦૦ (મહાવીર-જન્મકલ્યાણક વાર્ષિક દિન)ના શુભાવસરે આપણા વયોવૃદ્ધ તત્ત્વાભ્યાસી મુમુક્ષુમહોદય શ્રીયુત ભગવાનજીભાઈ કચરાભાઈ શાહ તેમજ તેમના પરિવારના શુભ હસ્તે સાનન્દ સંપન્ન થઈ. આ અવસરે ઉપસ્થિત અનેક મુમુક્ષુઓએ સુવર્ણરંગી તેમજ રજતરંગી ઈંટોની સ્થાપનાનો લાભ લીધો હતો. બધાને અતિ આનંદોત્સાહ હતો અને તેઓ પ્રતિષ્ઠામહોત્સવની પ્રતિક્ષાભીની ભાવના વ્યક્ત કરતા હતા.

આ બધો પૂજ્ય ગુરુદેવશ્રી તેમજ પૂજ્ય બહેનશ્રી દ્વારા પ્રવર્તિત અધ્યાત્મધર્મના અભ્યુદયનો જ સત્પ્રભાવ છે.

—શ્રી દિગંબર જૈન એસોસિયેશન
લંડન

*

## અમેરિકામાં સાનંદ સંપન્ન

## અધ્યાત્મયુગસ્રષ્ટા પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૧મો

# * મંગલમય વાર્ષિક જન્મમહોત્સવ *

અમેરિકાના 'ન્યૂજરસી' રાજ્યની રમણીય ભૂમિ 'સિદ્ધાચલમ'માં શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર સોનગઢ, અમેરિકા તથા ત્યાંના બીજા મુમુક્ષુઓના આયોજન દ્વારા આપણા પરમ-તારણહાર પૂજ્ય સદ્‌ગુરુદેવ શ્રી કાનજીસ્વામીનો ૧૧૧મો મંગલ જન્મમહોત્સવ તા. ૨૭-૫-૨૦૦૦ થી તા. ૨૯-૫-૨૦૦૦—ત્રણ દિવસ સુધી વિવિધ ધાર્મિક કાર્યક્રમપૂર્વક અતિ આનંદોલ્લાસપૂર્વક ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે અમેરિકામાં દૂર દૂરના સ્થાનોથી તથા કેનેડા અને નાઈરોબીના શતાધિક સંખ્યામાં પધારેલ મુમુક્ષુ ભાઈ-બહેનોએ હર્ષોલ્લાસપૂર્વક 'જન્મવધાઈ'નો લાભ લીધો હતો.

આ મંગલ કાર્યક્રમનો પ્રારંભ આપણા આદરણીય, ઊંડા આદર્શ આત્માર્થી, કુન્દકુન્દ-પરમાગમોના સફળ ગદ્યપદ્યાનુવાદક, પંડિતરત્ન શ્રી હિમ્મતલાલભાઈ જેઠાલાલ શાહ દ્વારા, આ અવસરે મોકલાવેલ મંગલ આશિષ-વચનની વિડિયો કેસેટ દ્વારા કરવામાં આવ્યો હતો. આ પ્રસંગ પર તે સંસ્થાના પ્રમુખ ડૉ. કિરીટભાઈ ગોસળિયાએ રમણીય જિનાલયોથી વિભૂષિત સોનગઢ—સંકુલ (કોમ્પલેક્ષ)નું ભવ્ય ચિત્રપ્રદર્શનનું આયોજન કર્યું હતું. શ્રી પંચપરમેષ્ઠીવિધાનપૂજા, પૂજ્ય ગુરુદેવશ્રીના ટેપપ્રવચન, ભારતથી આવેલ વિદ્વાનોનું શાસ્ત્રપ્રવચન, શિક્ષણશિબિર, તત્ત્વચર્ચા તથા ગુરુભક્તિ વગેરે બધા કાર્યક્રમો સુચારુ સંપન્ન થયા હતા. આ કાર્યક્રમને સફળ બનાવવામાં ડૉ. કિરીટભાઈ ગોસળિયા, શ્રી રજનીભાઈ ગોસળિયા, શ્રી હસમુખભાઈ શાહ, શ્રીમતી જ્યોત્સ્નાબેન શાહ, શ્રી અનિલભાઈ શાહ તથા પ્રવિણભાઈ શાહે કિમતી સહયોગ આપ્યો હતો.

*

શ્રી ઘાટકોપર દિગમ્બર જૈન મુમુક્ષુમંડળના પ્રમોદપૂર્ણ સૌજન્યથી

કહાનગુરુ-અધ્યાત્મતીર્થ શ્રી સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે

## ૮૭મો બહેનશ્રી-ચંપાબહેન-જન્મોત્સવ

[તા. ૧૩-૮-૨૦૦૦ થી તા. ૧૭-૮-૨૦૦૦]

ક્રમબદ્ધ જેવા અતિ માર્મિક સિદ્ધાંતના હાર્દ પ્રકાશક, નિશ્ચય–વ્યવહાર અને ઉપાદાન–નિમિત્તનું સ્વરૂપ સમજાવનાર, પુરુષાર્થની પ્રેરણામૂર્તિ, અધ્યાત્મયુગપ્રવર્તક, મુમુક્ષુ સમાજના પરમ તારણહાર, અનંત–ઉપકારમૂર્તિ પૂજ્ય ગુરુદેવશ્રીનાં ઉપકાર–મહિમાનું જીવનભર સ્મરણ કરનાર અને સ્મરણ કરાવનાર ભક્તશિરોમણિ પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબહેનની ૮૭મી મંગલ જન્મજયંતી (શ્રાવણ વદ બીજ) શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળના પ્રમોદપૂર્ણ સૌજન્યથી ભક્તિભાવપૂર્વક અતિ આનંદોલ્લાસ સહ સુવર્ણપુરીમાં ઉજવવામાં આવશે. જન્મ-જયંતીનો આ મંગલ મહોત્સવ રવિવાર, તા. ૧૩-૮-૨૦૦૦ થી શ્રાવણ વદ બીજ, ગુરુવાર તા. ૧૭-૮-૨૦૦૦—પાંચ દિવસ સુધી 'શ્રી રત્નત્રયમંડલવિધાનપૂજા', પૂજ્ય ગુરુદેવશ્રીનાં અધ્યાત્મરસપૂર્ણ ટેપ-પ્રવચન, બહેનશ્રીની વિડિયો ધર્મચર્ચા, આદરણીય પં. શ્રી હિંમતલાલભાઈ જે. શાહની શુભ ઉપસ્થિતિમાં પૂજાભક્તિ, સમાગત વિદ્વાનોના પ્રવચન, પુરુષો માટેનો પ્રૌઢ શિક્ષણવર્ગ, યાત્રાની વિડિયો દ્વારા કહાનગુરુદર્શન, ઘાટકોપર, વઢવાણ અને મલાડ ભજનમંડળી દ્વારા ભક્તિ તેમજ અન્ય આહ્લાદકારી રોચક કાર્યક્રમપૂર્વક ઉજવવામાં આવશે.

પૂજ્ય બહેનશ્રીના આ મંગલમય જન્મોત્સવનો અનુપમ લાભ લેવા પધારવા મુમુક્ષુસમાજને હાર્દિક નિમંત્રણ છે. સમાગત મહેમાનો માટે આવાસ–ભોજન વ્યવસ્થા નિ:શુલ્ક રાખવામાં આવી છે.

*શ્રી ઘાટકોપર દિગંબર જૈન મુમુક્ષુમંડળ*

## * પૂજ્ય ગુરુદેવશ્રીનાં હૃદયોદ્‌ગાર *

* સ્વભાવથી જ હું જ્ઞાયક હોવાને લીધે સમસ્ત વિશ્વ સાથે મારે જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ છે, પરંતુ આ જ્ઞેય ઇષ્ટ–અનિષ્ટ છે કે જ્ઞેયના લઈને જ્ઞાન થાય છે કે આ જ્ઞેય મારું ને હું તેનો સ્વામી એવો કોઈ પણ પ્રકારનો સંબંધ નથી. જ્ઞાયકનો સર્વ જ્ઞેયોને જાણવાનો સ્વભાવ હોવાથી લોકાલોક જાણે કે જ્ઞાયકમાં કોતરાઈ ગયા હોય એમ એક ક્ષણમાં જ જાણી લે છે. આવા જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધને લીધે એકીસાથે અનંતા જ્ઞેયોને અનંતપણે જાણવા છતાં જ્ઞાયક તો સદાય જ્ઞાયકપણે જ—એકરૂપપણે જ રહ્યો છે. અનાદિથી જ્ઞાયક તો જ્ઞાયકભાવે જ રહ્યો છે, પણ મિથ્યાત્વને લઈને અન્યથા મનાય રહ્યો છે, તેથી એ મિથ્યાત્વને મૂળથી ઉખેડીને સ્વભાવથી જ જ્ઞાયક એવા આત્મતત્ત્વના જ્ઞાનપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવર્તવા સિવાય અન્ય કાંઈ કરવાયોગ્ય નથી. ૧૭૫.

* મેરેમેં રાગાદિ હૈ હી નહીં, વિકલ્પોંકો મૈં લા સકતા હી નહીં, છોડ સકતા હી નહીં—ઐસે અંતરસે નિર્ણય કરના ચાહિયે. ઐસે ઐસે ઉપર ઉપરસે ન ચલે. ૧૭૬.

* એક દ્રવ્ય બીજા દ્રવ્યને કરે તો નહિ પણ અડે પણ નહિ. દરેક દ્રવ્ય સ્વતંત્ર છે. દરેક દ્રવ્યની પર્યાય ક્રમબદ્ધ થાય છે. આત્મા માત્ર જ્ઞાયક પરમાનંદ સ્વરૂપ છે. આ ભગવાન સર્વજ્ઞદેવનો દિવ્ય ધ્વનિનો પોકાર છે. આવી અધ્યાત્મની સૂક્ષ્મ વસ્તુ આ કાળે જેને અંદરમાં રુચિને પરિણમી જાય છે એવા જીવોને એક–બે–ચાર ભવ જ હોય, વધુ હોય નહિ—એમ શાસ્ત્રમાં આવે છે. કેમ કે આ કાળે કેવળી નથી, અવધિજ્ઞાની કે મન:પર્યયજ્ઞાની નથી, આશ્ચર્યના કારણો ઇન્દ્ર આદિ દેવનું આવવું થતું નથી, ચક્રવર્તી આદિ ચમત્કારિક કોઈ ચીજ નથી, છતાં આ અધ્યાત્મનું સૂક્ષ્મ તત્ત્વ અંદરમાં રુચિ જાય છે એના ભાવ વિશેષ છે. એથી એને ભવ વધુ હોય નહિ. ૧૭૭.

* ભૂલ તો અનાદિકી હૈ, ઉસકી નવાઈ નહીં હૈ. ફિરજાના ઉસકી નવાઈ હૈ. તીર્થંકરકે આત્માને પૂર્વે કેવલીઓંકી નિંદા કી થી. ઉસમેં કોઈ નવીનતા નહીં હૈ. વો ભૂલજાના ઔર બદલજાના ઉસકી વિશેષતા હૈ. ૧૭૮.

*

## ● ક્રમબદ્ધ પર્યાય માનવાથી (-નિયતવાદ) થઈ જાય ? ●

અરે ભાઈ! જેમ દ્રવ્ય અને તેની શક્તિ નિયત છે અને નિશ્ચિત છે તેમ પોતાની ક્ષણિક ઉપાદાનની યોગ્યતા અનુસાર સમય સમયે થતી દરેક પર્યાય પણ નિયત જ છે. જે સમયે જે પર્યાય થવાયોગ્ય છે તે જ પ્રગટ થાય છે; પણ પર્યાય ક્રમબદ્ધ છે એવો નિર્ણય કરનારની દૃષ્ટિ ત્રિકાળી શુદ્ધ એક જ્ઞાયક ઉપર જાય છે ત્યારે જે ક્રમબદ્ધનો યથાર્થ નિર્ણય થાય છે. દ્રવ્યદૃષ્ટિ રહિત અજ્ઞાનીને આ વાત ગોઠતી નથી. તે કહે છે–શ્રુતજ્ઞાનની અપેક્ષા પણ દરેક પર્યાય ક્રમબદ્ધ જ છે એવો યથાર્થ નિર્ણય સમ્યગ્દૃષ્ટિને હોય છે. ભાઈ! જરા દૃષ્ટિ સૂક્ષ્મ કરી આ સમજવા માટે પ્રયત્ન કરવો જોઈએ; આ અવસર છે.

—પૂજ્ય ગુરુદેવશ્રી

If undelivered please return to :—
Shri Dig. Jain Swadhyay Mandir Trust
SONGADH-364 250 (INDIA)

Licence No. 21 'Licensed to
Post Without Prepayment'

પ્રકાશક : શ્રી ચીમનલાલ ઠાકરશી મોદી, મંત્રી-ટ્રસ્ટી
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

મુદ્રક : કહાન મુદ્રણાલય, સોનગઢ

તંત્રી : હીરાલાલ ભીખાલાલ શાહ

માલિક : શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ–૩૬૪ ૨૫૦

સ્થળ : જૈન વિદ્યાર્થી ગૃહ કમ્પાઉન્ડ,
સોનગઢ–૩૬૪૨૫૦

સંપાદક : નાગરદાસ બેચરદાસ મોદી

આજીવન સભ્ય ફી : ૧૦૧/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫૦/–
વાર્ષિક લવાજમ : રૂ. ૯/–
વિદેશ માટે (સી-મેઈલથી) રૂ. ૪૫/–
[વિદેશ માટે એર-મેઈલથી મંગાવવા માટે
પોસ્ટેજના વાર્ષિક રૂ. ૨૦૪/– અલગ]

101 દીક્ષિત [illegible]
27, [illegible]
કરેલીબાગ
વડોદરા-390018